Solitaire
Developer

# એલોટમેન્ટ

"......................."

(૧) ડેવલોપર્સ/પ્રમોટર્સનું નામ :
"સોલિટેર ડેવલોપર" ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અન્ય ભાગીદારો વતી.

વહીવટકર્તા દરજ્જે :

ધર્મે : ..........., ઉ.વ.આ. ......., ધંધો : ............,
રહે. ..........................................................................................
પેઢીનું ઠે......................................................................................

(૨) સાઈટનું નામ : "શિવાલિક પ્રાઇમ"

(૩) સરનામું : "સોલિટેર ડેવલોપર", અ-૩૦૪/૩૦૫, લીલા એફકી, અક્ષરવાડી નજીક, વાઘાવાડી રોડ, ભાવનગર.

(૪) લેનારનું/એપાર્ટમેન્ટ ધારકનું નામ :
શ્રી ....................................................

(૫) એપાર્ટમેન્ટની વિગત : ઓફિસ/દુકાન નં. ................,

(૬) વેચાણ કિંમત : ................................

(૭) વેચાણ દસ્તાવેજ અનું.નં. ......................., તા..........................

દરેક એલોટીએ નીચેની વિગતો તપાસી સહી કરી આપવી.

(૧) તમામ નળ કનેકશન, પાઈપ ફીટીંગ, ઈલેકટ્રીક ફીટીંગ, લાદી ફીટીંગ, ગ્લેઝ તથા કિચન પ્લેટફોર્મ, સેલ્ફ, ફીટીંગ બારી, દરવાજા ફીટીંગ, લાપી, પ્રાયમર વગેરે તમામ કામ, કવોલીટી એપાર્ટમેન્ટ ધારકે જાતે તપાસી લીધેલ છે.

(૨) તમામ કોમન સુવિધા જેવી કે લીફટ ફીટીંગ, કોમન પાર્કિંગ, કોમન લાઈટ ફીટીંગ, કોમન દાર, સબમર્શીબલ, પાણીના ટાંકા તથા કમ્પાઉન્ડ વોલના દરવાજા વગેરે તમામ કામ, કવોલીટી એપાર્ટમેન્ટ ધારકે જાતે તપાસી લીધેલ છે.

(૩) એપાર્ટમેન્ટ ધારકે પોતાનો સામાન ફેરવણી, ફર્નીચર વગેરે કોઈપણ કામ કરવાથી કોમન સુવિધામાં નુકશાની થશે તો તે નુકશાન કર્તા જવાબદાર રહેશે. તે કંમ્પલીટ રીપેરીંગ તાત્કાલીક કરી આપવાનું રહેશે.

ગુજરાત રાજયના ડિસ્ટ્રીકટ: ભાવનગર, રજિ. સબ-ડિસ્ટ્રીકટ સિહોર તાબના સિહોર ગામમાં સિહોર નગર પંચાયતે પાડેલ પ્લોટ્સ પૈકી, મલય બંગલોઝ બાજુમાં આવેલ પ્લોટ નં.: ૮૦/એ કે જેનું ક્ષેત્રફળ ૭૪૭.૮૬ ચોરસ મીટર યાને ૮૯૪.૪૪ ચોરસ વાર થાય છે. જે પ્લોટ સિટી સર્વે કચેરી, સિહોરના દફતરે શીટ નં.: ૫૮ સિટી સર્વે નં.: ૧૦૫૨ પૈકીથી નોંધાયેલ છે. નોંધાયેલ પ્લોટ ની જમીન ઉપર સિહોર નગરપાલિકામાં મંજૂર થયેલ પ્લાન મુજબથી બંધાયેલ પ્રોજેકટ "શિવાલિક પ્રાઈમ" ના ટાવર "........" માં ........ માળ પર આવેલ તુરંત ઉપયોગમાં લઇ શકાય તેવો ઑફિસ/દુકાન નં........... વેચાણ દસ્તાવેજથી તથા તેમાં દર્શાવેલ કિમતે લીધેલ છે તે તૈયાર થયેલ ઓફિસ/દુકાન નો કબજો આજરોજ અમો ખરીદનારએ સાંભળેલ છે, અને તેનો આનાથી આ અલોટમેન્ટ લેટર લખી આપીએ છીએ. જેની નીચેની વિગતો તપાસી સહી કરી આપેલ છે.

સદરહુ એલોટીએ નીચેની વિગતો તપાસી સહી કરી આપેલ છે.

સદરહુ ઉપરોકત ઓફિસ/દુકાન જેના બિલ્ડિંગનું થયેલ બાંધકામ અંગેના સ્ટ્રકચર ડિઝાઇન, આર.સી.સી. બીમ કૉલમ, સ્લેબ તેમાં થયેલ ચણતર,પ્લાસ્ટર,કન્સીલ્ડ ઇલેક્ટ્રિક, ડ્રેનેજ અને પ્લમ્બીંગ ફીટીંગના નકશા તથા થયેલ કામ, તેમાં વપરાયેલ પાઇપ ફીટીંગ્સ, પાણીની નિકાલની લાઈનો, નળ કનેકશન અને ફીટીંગ, વાયરીંગ, લાઇટ ફીટીંગ, સ્વીચો, સેનેટરી ફીટીંગ તેમજ, બારી, બારણાંના લાકડાના તેમજ ગ્રેનાઇટના ચોકઠા, ફિટ કરેલા ફલશડોર, એલ્યુમિનિયમ વિન્ડો તેમાં લગાડેલ કાચ, તેના તમામ લૉક, સ્ટોપરો, મિજાગરા, હૂક, પવન આંકડી, આલડ્રાફ્ટ, તેમાં કરેલ વૉટર પ્રૂફીંગ, તેમજ ગ્લેઝ ટાઇલ્સ, ફ્લોરિંગમાં લગાડેલ ગ્રેનાઇટ તેમજ વિટ્રીફાઈડ ટાઇલ્સ, બાથરૂમની ગ્લેઝ ટાઇલ્સ તથા ગ્રેનાઇટ બેસિન કાઉન્ટર, બાલ્કનીના કઠોડા, ગ્રીલ તથા તેમાં થયેલ કાચ, ફ્લેટની અંદર થયેલ લાપી, પ્રાઇમર તેમજ કલર વિગેરે તમામ કામ ક્વાલિટીવાળું તેમજ તેનું ફીનીશિંગ અમો ઓફિસ/દુકાન ધારકે જાતે જોઈ તપાસી નિષ્ણાંતો દ્વારા ચકાસાવી લીધેલ છે.

સદરહુ ઑફિસ/દુકાન ના સમગ્ર બિલ્ડિંગનું થયેલ બાંધકામ અંગેના સ્ટ્રકચર ડિઝાઇન,આર.સી.સી. ફૂટિંગ, પડદી તથા બીમ કૉલમ, સ્લેબ તેમાં થયેલ બેઝમેન્ટ તેમજ સંપૂર્ણ બિલ્ડિંગનું ચણતર પ્લાસ્તર, એક્સ્ટીરીયલ પ્લાસ્તર તેમજ એકસ્ટીરીયલ કલર ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ પાર્કીંગ, કમ્પાઉન્ડ વૉલ તેમજ અંડર ગ્રાઉન્ડ ટૅક, ઓવર હેડ ટૅક, સબ મર્શીબલ પંપ, કોમન લાઇટ ફીટીંગ, લાઇટ કનેક્શન, વિધૂત મીટર, કોમન દાદર, લિફ્ટ, અગાસી, દાદર કેબીન, વરસાદના પાણીના નિકાલની લાઇનો, ડ્રેનેજ નિકાલની લાઈનો, નળ કનેક્શન લાઈનો,ગ્લાસ એલીવેશન ટ્રીટમેન્ટ તથા તેની લાઈટો, ગ્રાઉન્ડ ફ્લોરમાં નાખેલ ગ્લેઝ ટાઇલ્સ તથા પાર્કિંગ લાદી, વિગેરે.. તમામ કામ ક્વોલિટીવાળું તેમજ તેનું ફિનિશિંગ અમો ઓફિસ/દુકાન ધારકે જાતે જોઈ તપાસી નિષ્ણાંતો દવારા ચકાસાવી લીધેલ છે.

ઑફિસ/દુકાન ધારકે તેના ફ્લેટના આંતરિક ભાગમાં સુધારો-વધારો કે ફેરફાર કરવા ચાહે તો એસોસીએશનની ફરજીયાત મંજૂરી મેળવી તેઓના ઑફિસ/દુકાન ને લગત આવેલ ઑફિસ/દુકાન ધારકોની શાંતિ અને સૂખાકારીને નુકશાન ન પહોચે તે રીતે ફેરફાર કરવાને હક્કદાર છે જે ફેરફાર કરતાં સમયે સમગ્ર ઇમારતને નુકશાન થાય કે પોતાનો સામાન ફેરવણી, ફર્નીચર વિગેરે.. કોઈપણ કામ કરવાથી કોમન સુવિધાઓમાં

નુકશાની થશે તો તે નુકશાનકર્તા જવાબદાર રહેશે, અને તેઓએ તે કંપ્લીટ રીપેરીંગ તાત્કાલીક કરી આપવાનું રહેશે.

એમ સદરહુ ઓફિસ/દુકાનવાળી મિલ્કતનું બાંધકામ ઉપરની વિગતે સંપૂર્ણ રીતે થયેલ છે અને તેથી તે ઓફિસ/દુકાન બનાવનાર " સોલીટેર ડેવલોપર " સામે અમો જાતે તથા અમારા વંશ, વારસો કે ઓફિસ/દુકાનના અન્ય હોલ્ડરોએ સાથે મળીને ક્યારેય પણ ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે દર-દાવો, ફરિયાદ કરવાને હક્કદાર નથી તેવું આથી અમો ઓફિસ/દુકાન ખરીદનાર આ એલોટમેન્ટ લેટર ઉપરથી લખી આપી બંધાઇએ છીયે અને તુરંત ઉપયોગમાં લઈ શકાય તેવો તૈયાર ઓફિસ/દુકાનનો કબજો આજરોજ "રેરા" ના કાયદા મુજબ સંભાળી લઈએ છીએ.

સ્થળ :

તા.

........................................

(ખરીદનારની સહી )